

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## ભારતનો પરાજય થતા ક્રિકેટપ્રેમીઓએ ટીવી ફોડ્યા

વિશ્વકપમાં આજે ભારત અને ઓસ્ટ્રેલીયા વચ્ચે કાટાની સેમી ફાઈનલ ટકકર યોજાઈ હતી. જેમાં ભારતનો કારમો પરાજય થતાં સમગ્ર ભારતના લોકોની આશાઓ પર પાણી ફરી વળ્યુ હતુ. ભારત અને ઓસ્ટ્રલીયા વચ્ચે આજે ફાઈનલ જેવો જ સેમીફાઈનલનો મહામુકાબલો યોજાયો હતો. જેમાં આજે ભારતનો કારમો પરાજય થતાં ભારત વલ્ડકપની રેસમાંથી છેક અણીએ આવીને બહાર ફેકાઈ ગયુ હતુ જેને લઈને સમગ્ર ભારતમાં અને અરવલ્લી જીલ્લાના ક્રિકેટપ્રેમીઓમાં રોષ ફેલાયો હતો. આ હારને પગલે આજે અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે લોકોએ ભારતની હારથી નારાજ થઈને જાહેરમાં ટીવી ફોડીને પોતાનો રોષ પ્રગટ કર્યો હતો. સેમી ફાઈનલમાં ભારત જીત મેળવશે તેવી દરેક ભારતવાસીઓને આશા હતી. સવારથી જ લોકો કામધંધા બાજુમાં મુકીને ટીવી આગળ ગોઠવાઈ ગયા હતા. પરંતુ ભારતના દાવમાં એક પછી એક બેટસમેને ધબળકો વાળતા લોકોમાં ભારે નીરાષા વ્યાપી ગઈ હતી. આ વખતે ભારત વર્લ્ડકપ જીતશે તેવી આશાઓ ઉપર આજની મેચે પાણી ફેરવી નાખ્યુ હતુ. જયારે ટીમ ઈન્ડીયાના નબળા દેખાવ બદલ મોડાસામાં ક્રિકેટપ્રેમીઓએ રોષ વ્યકત કરવા ટીવીઓ ફોડી નાખ્યા હતા.

## ધાનેરાના માલોત્રા ગામમાં હેતુફેર વગર ધમધમતું બાંધકામ

ધાનેરા, તા. ૨૬

ધાનેરાના માલોત્રા ગામમાં રહેણાંક પ્લોટ ફાળવવા માટે હરાજી કરવામાં આવી હતી. ગ્રામજનોથી અજાણ આ રોડની સામે જમીન પર મનફાવે તેમ લાગતા-વળગતાને પ્લોટો ફાળવી હેરફેર વગર બાંધકામ ધમધમી રહ્યું છે. આમ રહેણાંક જગ્યાએ દુકાનો બની રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે આ ગંભીર મામલે સરપંચ-સભ્યો-તલાટી સામે તાકીદે પાલનપુર જિલ્લા પંચાયતના ડી.ડી.ઓ. સત્વરે તપાસ હાથ ધરે તેવી ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

# હાઈકોર્ટમાં ખોટી માહિતી આપવા બદલ મોડાસા આરોગ્ય અધિકારીને ડીડીઓએ નોટીસ પાઠવી

## કર્મચારીઓનો પગાર ચુકવાયો છતાં નોકરી નથી કરતાં તેવુ બતાવાયુ

મોડાસા, તા. ૨૬

મોડાસા તાલુકાના પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના તાબા હેઠળ ફરજ બજાવતા અંશકાલીન કર્મચારીઓની ખોટી માહિતી હાઈકોર્ટ સમક્ષ આપવા બદલ મોડાસા તાલુકા વિકાસ અધિકારીને જીલ્લા વિકાસ અધીકારીએ નોટીસ ફટકારતા આરોગ્ય વિભાગમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

એક બાજુ અંશકાલીન કર્મચારીઓને ચેકથી પગાર ચુકવણુ કરવામાં આવ્યુ હતુ, તો બીજી બાજુ તાલુકા આરોગ્ય અધિકારીએ અંશકાલિન કર્મચારીઓ ફરજ બજાવતા નથી તેવા પ્રમાણપત્રો આપતા ઉચ્ચ અધિકારીઓએ આ અંગેનુ હાઈકોર્ટમાં એફીડેવીટ રજુ કર્યુ હતુ. તાલુકા આરોગ્ય અધિકારીની ગંભીર બેદરકારીને પગલે આરોગ્ય તંત્ર હાઈકોર્ટમાં ખોટુ ઠરતાં જીલ્લા વિકાસ અધિકારીએ નોટીસ ફટકારી શિક્ષાત્મક પગલા ભરવાની ચીમકી ઉચ્ચારી છે.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

પ્રાથમીક આરોગ્ય અધિકારી કેન્દ્ર તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં અંશકાલીન (પાર્ટટાઈમ) વોર્ડબોય વોર્ડઆયા પાર્ટટાઈમ સ્વીપર તથા પટાવાળા તરીકે ઉપથી વધુ કર્મચારીઓ અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવે છે. તાજેતરમાં રાજય સરકારે પરીપત્ર કરી આવા અંશકાલીન કર્મચારીઓને પગાર ચુકવવા આદેશ કર્યો હતો. આદેશના પગલે જીલ્લા વિકાસ અધિકારીએ તમામ તાલુકા આરોગ્ય અધિકારીઓને અંશકાલીન કર્મચારીઓની યાદી તૈયાર કરી ધારાધોરણ મુજબ પગાર ચુકવવા આદેશ કરવામાં આવ્યો હતો. પરંતુ આરોગ્ય વિભાગે કેટલાક અંશકાલીન કર્મચારીઓને મહેનતાણુ ન ચુકવતા હાઈકોર્ટમાં કોર્ટ ઓફ કન્ટેમ્પટ દાખલ કરવામાં આવી હતી. જેમાં કર્મચારીઓને પોતાને કામના કલાકો પ્રમાણે સરકારે બહાર પાડેલ પરિપત્ર મુજબ નાણા ન ચુકવાયા હોવાની દલીલો કરી હતી.

અંશકાલીન કર્મચારીઓ હાઈકોર્ટમાં જતાં દરેક પ્રા.આ. કેન્દ્રના તાબા હેઠળ ફરજ બજાવતા આવા કર્મચારીઓની યાદી મંગાવામાં આવી હતી. જેમાં આરોગ્ય અધિકારીએ ૧૦.૩.૨૦૧૫ના રોજ સોલંકી કમલેશભાઈ ગાંડાભાઈ (મહાદેવગ્રામ) સોલંકી કાન્તાબેન ભીખાભાઈ (મહાદેવગ્રામ) તથા સોલંકી ગીરીશભાઈ બહેચરભાઈ (બ્યલ ઢાંખરોલ)ને માહે ઓગષ્ટ ૧૪થી અંશકાલીન તરીકેની સેવાઓમાં આવેલ નથી તેવા પ્રમાણપત્રો જીલ્લા આરોગ્ય અધિકારી સમક્ષ રજુ કર્યા હતા.

આ પ્રમાણપત્રોને આધારે સીડીએચઓએ હાઈકોર્ટમાં એક એફીડેવીટ સુપ્રત કર્યુ હતુ. જેમાં ઉપરોકત કર્મચારીઓ અંશકાલીન તરીકે સેવા બજાવતા જ નથી. જેથી તેમને મહેનતાણુ ચુકવવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી તેવી વિગતો રજુ કરી હતી. જો કે બાદમાં આ એફીડેવીટનો ભાંડો ફુટી ગયો હતો. જે કર્મચારીઓ ફરજ જ બજાવતા નથી તેવુ પ્રમાણપત્ર હાઈકોર્ટમાં રજુ કરાયુ હતુ તે કર્મચારીઓને મોડાસા તાલુકા આરોગ્ય અધિકારી ધ્વારા ફેબ્રુઆરી ૨૦૧૫માં ચેકથી નાણા ઈસ્યુ કરવામાં આવ્યા હતા. કમલેશભાઈ ને ૧૨૯૮૦ કાન્તાબેન ને ૧૨૯૮૦ તેમજ ગરીશભાઈ ને ૧૩૨૦૦ રૂપીયા મહેનતાણા પેટે ચેકથી અપાયા હતા. એક બાજુ આરોગ્ય અધિકારીએ કર્મચારીઓ ફરજ જ બજાવતા નથી તેવુ એફીડેવીટ રજુ કરાવ્યુ હતુ તેની સામે ચેકથી આજ કર્મચારીઓને નાણા ચુકવાતા ભાંગરો વટાયો છે. આ ગંભીર બેદરકારીને પગલે મોડાસા તાલુકા આરોગ્ય અધિકારી ડો. યજ્ઞેશ નાયકને ડીડીઓએ નોટીસ ફટકારી હતી. જેમાં જણાવ્યુ છે કે તમોએ આપેલ હકીકતના સંદર્ભમાં કરેલ એફીડેવીટ હાઈકોર્ટમાં ખોટુ ઠરે તેમ છે ખોટી માહિતીના કારણે નામદાર કોર્ટમાં વિગતોથી વિરૂધ્ધની એફીડેવીટ કરાતા કાયદાકીય જે કોઈ પ્રશ્ન ઉપસ્થીત થશે તે માટે તમારી અંગત જવાબદારી રહેશે. સાથે જ સરકારી અધિકારીને ન શોભે તેવુ વર્તન કરી ગુજરાત રાજય સેવા (વર્તણુક નિયમો) ૧૯૭૩ ના નીયમ-૩નો ભંગ કરેલ છે જે માટે તમારી સામે ભારે શીક્ષાત્મક પગલા લેવા અને કોઈપણ પ્રકારની એકઝયુશેસન પોસ્ટ પર નિમણુક ન કરવા સરકારમાં રીર્પોટ કેમ ન કરવો તેનો ખુલાસો દિન-૭માં મોકલવા તાકીદ કરાઈ છે.

# ગુજરાતી રંગભૂમિની વિરાસત ભવાઈ મૃત:પ્રાય અવસ્થામાં

## આજે વિશ્વ રંગભૂમિ દિવસે ભાતીગળ ભવાઈકલાને પુનઃ જીવિત કરવાની દિશામાં મનોમંથનની તાતી જરૂર : ભવાઈની ભૂંગળ વાગતી ત્યારે ગામના ચોરે ઉત્સવ મંડાતો : જૂજ કલાકારોની ભવાઈને સજીવન રાખવા મથામણ

પ્રાંતિજ,તા. ૨૬

આજે ૨૭મી માર્ચ વિશ્વ



રંગભૂમિ દિવસ છે. આપણી વિસરતી જતી નાટ્યકલાનો રંગીન સંસ્મરણોને વાગોળવા ઉપરાંત આ કલાને પુનઃ જીવીત કરવા અંગેની દિશામાં જરૂરી મનોમંથન કરવાનો આ વિશેષ દિવસ છે.

આજે રંગભૂમિ સાથે વણાયેલી ભવાઈ કલા નામશેષ થવાના આરે ઉભી છે. આ કલાને માણનારો ચાહક વર્ગ કે તેના કદરદાનો ભાગ્યે જ ક્યાંક રહ્યા છે અને તેથી જ પરંપરાગત આ વ્યવસાય સાથેની સંકળાયેલા ભવાઈ કલાકારો કફોડી સ્થિતિમાં મુકાયા છે.

ગુજરાતના પારંપરિક નાટ્ય પ્રકારોમાનો એક પ્રકાર એટલે ભવાઈ. ચૌદમી સદીમાં સિદ્ધપુર ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ કુળમાં જન્મેલા કવિ અને કથાકાર અસાઈત ઠાકરે ગુજરાતના નાટ્ય પ્રકારોમાંથી પ્રેરણા લઈ નવા સ્વરૂપે આ ભવાઈ-કલાનું સર્જન કર્યું હતું. એવું મનાય છે કે સૌથી જૂનામાં જૂના રામદેવનો વેશ જેવા આશરે ૩૬૦ જેટલા ભવાઈ વેશ જે અસાઈત ઠાકરની કલમે લખાયા છે.

દાયકાઓ પૂર્વ ભવાઈકલાનો એક એવો સુવર્ણયુગ હતો કે જ્યાં ભવાઈ ભૂંગળવાગે એટલે ગામના ચોરે જાણે કે અનેરો ઉત્સવ મંડાય. સૌ ગ્રામવાસીઓ નાતજાતના ભેદ ભુલીને મનભરી જાણે કે ભવાઈનો આનંદ લુંટવા થનગનતા હોય એ જમાનામાં વિભિન્ન-જ્ઞાતિ મુજબ સમાજ જીવનની વિશેષ લાક્ષણિકતાઓ રહેણીકરણી, અંધશ્રદ્ધા અને સામાજિક દૂષણો જેવી બાબતોને સુંદર અભિનય અને વેષભૂષા સાથે વિવિધ ભવાઈ વેશોમાં વણી લઈ એ કલાકારો લોકોને જ્ઞાન અને શિક્ષણ સાથે સંસ્કાર પ્રેરક ભરપુર મનોરંજન પુરૂ પાડતા હતા.

આ સમયે આ ભવૈયાઓનો સામાજિક દરજ્જો પણ ઉંચો હતો, જ્યારે તેઓનું ગામમાં આગમન થતુ ત્યારે ગ્રામ્ય પ્રજા દ્વારા ઢોલ-નગારા સાથે તેઓનું સામૈયુ કરવામાં આવતું. જેમાં ગામની બધી જ્ઞાતિઓ સહભાગી બનતી. આમ આ ભવાઈ કલા જે એ વિશેષ સ્થાન પામીને સદીઓ સુધી સમાજ માટે ખુબ મહત્વ પુર્ણ યોગદાન આપતી રહી છે. પરંતુ સમયના બદલાતા પ્રવાહ સાથે ટીવી અને સિનેમાના યુગના આગમનને પગલે આજે નાટક અને ભવાઈ કલાજે મૃતઃ પ્રાય અવસ્થામાં અંતિમ શ્વાસ લઈ રહી છે. અને એક માત્ર આ જ દિવસની ઉજવણી પુરતી જ સિમિત રહી જવા પામી છે.

રંગભૂમિની આવી અવદશા વચ્ચે પણ પ્રાંતિજ તાલુકાના ઘડી ગામના અદના કલાકાર રતિલાલ નાયક જે આજે ૭૫ વર્ષની ઉંમરે પણ આ કલા સંસ્કૃતિને જીવંત રાખવા સતત મથામણ કરી રહ્યા છે. સમગ્ર જિલ્લામાં આજે તેમની ફક્ત એક જ ભવાઈ લોકનાટક રંગ મંડળી કાર્યરત રહી છે. વળી સને ૧૯૮૨થી તેઓ નાયક રંગમંચ નામની સરકાર માન્ય સંસ્થા ચલાવી રહ્યા છે. જે દ્વારા સરકારના જનજાગૃતિના કાર્યક્રમો થાય છે. તેઓના હસ્તે લખાયેલ ભવાઈ અંશ 'લોક નાટ્ય ટુંક સારમાં સંપૂર્ણ રામાયણ જે પુસ્તકને તાજેતરમાં સરકારની નાટ્યકલા સંસ્થા



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

દ્વારા સમર્થન મળા આ નાયક ચાલીસેક કલાકારો સાથે રંગમંચ ઉપર ઉજવવા માટેની તૈયારીઓ થઈ રહી છે.

વિશેષ આ લુપ્ત થતી નાટ્ય કલા સંસ્કૃતિની પદ્ધતિસરની તાલીમ માટે અહી તાલીમ કેન્દ્ર પણ શરૂ કરનાર ચક્રો ગતિમાન કર્યા છે. આમ લોક કલા પુનઃ સ્થાપન પ્રવૃત્તિમાં આ સંસ્થાને સરકાર કલા રસિકો કે સેવાધારીઓનો હજુ વિશેષ સહયોગ મળે તો આ ક્ષેત્રે ઘણું થઈ શકે તેમ છે.

## ભિલોડાના નવા ભવનાથ ગામમાં આધેડે ગળે ફાંસો ખાઈ જીવનલીલા ટુંકાવી દેતાં ચકચાર

અરવલ્લી જીલ્લાના ભિલોડાના નવા ભવનાથ ગામમાં આધેડે ગળે ફાંસો ખાઈ જીવનલીલા ટુંકાવી દેતાં ચકચાર મચી જવા પામી છે.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ નવા ભવનાથ ગામના ૫૫ વર્ષીય અનિલભાઈ જીવરામભાઈ રાવલએ લગ્ન કરેલ ના હોઈ અને એકલવાયું જીવન ગુજારતા હોઈ મનમાં એકા-એક કોઈ વિચારો આવતા પોતાના ઘરમાં પીળા કલરના પુજા કરવાના કપડાને લાકડાની માલડી ઉપર બાંધી ગળે ફાંસો ખાઈ જીવનલીલા એકા-એક ટુંકાવી દેતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશનમાં નવા ભવનાથ ગામના રહેવાસી સુરેશભાઈ પ્રહલાદભાઈ રાવલએ જાણ કરતાં પોલીસે અનિલભાઈ જીવરામભાઈ રાવલના મૃતદેહનો કબજો મેળવી ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં પી.એમ. કરાવી મૃતદેહ પરીવારજનોને સોપતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.

# ડીસાના શ્રમજીવીનું રેલવે અકસ્માતમાં કરૂણ મોત : મંદિરે દર્શને જતા નડ્યો અકસ્માત

ડીસા, તા. ૨૬

ડીસાથી કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ મોરાગઢના મોમાઈ માતાના મંદિરે દર્શન કરવા જતા ડીસાના બારોટ સમાજના દર્શનાર્થીઓ પૈકીના એક દર્શનાર્થી દિયોદર નજીક ધનકવાડા રેલવે સ્ટેશન પર પાણી લેવા ગયા હતા જો કે ટ્રેન ચાલુ થતા ચાલુ ટ્રેને આ યાત્રિક ટ્રેનમાં ચઢવા જતા તેમનો પગ લપસ્યો હતો, અને અકસ્માતે ટ્રેનની નીચે આવતા મોતને ભેટ્યો હતો.

બનાસકાંઠાના ડીસાના બોકરીકુવા વિસ્તારમાં રહેતા લાલભાઈ તેજાજી બારોટ તેમના બહેન અને અન્ય સબંધી સાથે કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ મોરાગઢના મોમાઈ માતાના મંદિરે દર્શન કરવા પેસેન્જર ટ્રેન મારફતે ડીસાથી રવાના થયા હતા. જ્યાં દિયોદર નજીક ધનકવાડા રેલવે સ્ટેશન પર ટ્રેન ઉભી રહેતાં લાલભાઈ બારોટ પાણી લેવા નીચે ઉતર્યા હતા, જોકે અચાનક ટ્રેન ઉપડતા તે દોડતી ટ્રેનમાં ચઢવા જતા ધસમસતી ટ્રેન નીચે આવી ગયા હતા અને મોતને ભેટ્યા હતા, જો કે ચાલતી ટ્રેનમાં પોતાના સગાભીનો અકસ્માત પોતાની નજર સામે થતો જોઈ તેમની સગીબેન રૂખીબેન ગણપતભાઈ બારોટ પણ ચક્કર આવતા નીચે પટકાયા હતા અને તેમને પણ ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં મૃતક લાલભાઈ બારોટને ડીસાની સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા હતા અને ઘાયલ મૃતકની બહેન રૂખીબેનને સારવાર અર્થે ડીસા બાદ પાલનપુર ખસેડાયેલ છે. આ ઘટનાથી ડીસા પંથકમાં શોક છવાયો છે. આ ઘટનાની ડીસા ઉત્તર પોલીસે તપાસ હાથ ધરેલ છે.

# મેઘરજના પંચાલ હાઈસ્કૂલ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ

## જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા બી.એચ.ઓ.ની પ્રસંશા

ઈસરી, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની પંચાલ જીવન વિકાસ હાઈસ્કૂલ ખાતે ન્યુ ગુજરાત પેટર્ન યોજના અને સારવારનો મેઘા કેમ્પ યોજવામાં આવેલ જેના પ્રમુખ સ્થાને મેઘરજ તા. પંચાયતના પ્રમુખ જયવંતિકાબેન ડામોર, બલવંતસિંહ રાઠોડ, પંચાલ કેળવણી મંડળના પ્રમુખ રણછોડભાઈ ગામેતી, પંચાલ રાહુલભાઈ ભગોરા, તાલુકા વિકાસ અધિકારી બી.જી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ જે ફેન્સી અને મેઘરજ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પી.પી. પરીખના નેજા હેઠળ ગોઠવાયો હતો.

સ્વાગત ગીત બોરખાડ પ્રા. શાળાની બાળાઓ દ્વારા થયુ. ભરચક મંડપમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત લાભાર્થીઓ-મહેમાનો-ડૉક્ટરો, આમંત્રિત પદાધિકારીઓ, આરોગ્યનો તમામ સ્ટાફ સૌનું સ્વાગત ડૉ. મનીષ ફેન્સીએ કર્યુ અને મેઘરજ જેવા પછાત વિસ્તારમાં આ સુંદર મેઘા કેમ્પ યોજાયો છે. જેમાં ડૉ. આશિષ અસારી, ડૉ. હેમંત ચૌધરી, ડૉ. દિપક ખીલવાણી, ડ. જતીન મેવાડા, ડૉ ઘનશ્યામ શાહ, ડૉ. માર્મિક બ્રહ્મભટ્ટ, ડૉ. કિરણ ડી. ખીલવાણી, ડૉ. સુરેશ વાઘેલા, ડૉ. હાર્દિક પરમાર અને મેઘરજ તાલુકાની તમામ પ્રા.આ. કેન્દ્રના ડૉક્ટરો-મીડવાઈફ અને આરોગ્યનો સ્ટાફ, આશા વર્કરો અન્ય કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કસાણા રેલ્લાવાડા અને રણગાલ પ્રા.આ. કેન્દ્રને વાન એનાયત કરીને લીલી ઝંડી આપી હતી. આ પ્રસંગે રતુભાઈ ભગોરા, રાહુલ ભગોરા, તા. પ્રમુખ જયવંતિકાબેન ડામોર, બલવંતસિંહ રાઠોડે પ્રાસંગિક પ્રવચન કરીને મેઘા કેમ્પને સફળ બનાવવા આરોગ્યના તમામ સ્ટાફ બીએચઓ ડૉ. પી.પી. પરીખ, ઉદઘોષક શામળાભાઈ પટેલની જહેમતને સૌએ ધન્યવાદ આપ્યા હતા.

# ભીલડી રેલવે ટ્રેક પર અગમ્ય કારણોસર યુવકની આત્મહત્યા

ડીસા, તા. ૨૬

ભીલડી રેલવે ટ્રેક પર આજરોજ સવારે ૧૦ કલાકે સામેથી આવતી માલગાડી નીચે એક યુવકે પડતું મુકી આત્મહત્યા કરતાં ચકચાર મચેલ છે. આ મામલે રેલવે પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ અકસ્માતની ઘટનાની મળતી વિગતો જોઈએ તો ભીલડી રેલવે જંકશન પર આજે સવારે ૧૦.૦૦ કલાકે ભીલડીથી ગાંધીધામ જતી ગુડઝ ટ્રેન પસાર થઈ રહી હતી. જો કે તેવા જ સમયે એક યુવકે ધસમસતી ટ્રેન નીચે પડતું મુક્યું હતું. ટ્રેન નીચે પડતુ મુકતા જ યુવકના શરીરનાં ટુકડે ટુકડા થઈ ગયા હતા. અને શરીરમાં બન્ને પગ અને કમરથી ઉપરના શરીરના બે ટુકડા થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. જેમણે મૃતકનો કબજો શંભાળી તપાસ કરતાં મૃતક શૈલેષભાઈ બાબુભાઈ મોદી ઉં.વ. ૨૨ રહે. જૂની ભીલડીનો હોવાનું બહાર આવ્યું હતું. આ યુવકના ખિસ્સામાંથી મળેલ આઈડેન્ટીકાર્ડના આધારે તે બનાસકાઠાં જિલ્લા યુવા ભાજપનો સદસ્ય હોવાનું બહાર આવેલ છે. આ યુવકે શા માટે મોતને વહાલુ કર્યુ તે બાબતની રેલવે પોલીસે તપાસ હાથ ધરી છે.

## અમરનાથ યાત્રીકોનું રજીસ્ટ્રેશન માટે પાલનપુરની પંજાબ નેશનલ બેંકમાં બબાલ

પાલનપુર, તા. ૨૫

ગુજરાત સરકારે અમરનાથ શ્રાઈન બોર્ડને યાત્રા માટે ફરજિયાત એવા હેલ્થ સર્ટિફિકેટ મેળવવા માટેના સત્તાવાર હોસ્પિટલનું લિસ્ટ મોકલી દીધું છે. અધિકૃત બેંકમાં અમરનાથયાત્રાનું રજિસ્ટ્રેશન શરૂ થયું છે. બીજી માર્ચથી જયાત્રાનું રજિસ્ટ્રેશન શરૂ થઇ ગયું છે. જો કે પાલનપુરમાં જે પંજાબ નેશનલ બેંકમાં કામ આપવામાં આવ્યું છે ત્યાં ફરજ પરનો સ્ટાફ હાજર ન હોવાથી છેલ્લા દસ દિવસથી અમરનઆથ યાત્રીકો પોતાના ફોર્મ જમા કરાવી ન શકતા આજે અનેક અમરનાથ યાત્રિકો સ્ટાફ વગર અટવાયા છે અને બેંક સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે.

# મજરાની ડજારો ફેક્ટરીમાં આખરે તંત્રની તપાસ શરૂ

## ફેક્ટરી પાસે આવેલ ખેડૂત દ્વારા ગ્રાહક સુરક્ષા મંડળ તથા પ્રદૂષણ નિયંત્રણ ઓફિસમાં ફરિયાદ કરતા તંત્રએ નમુના લીધા

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ચોકડી પાસે ત્રણ રસ્તા પાસે આવેલ ડજારો-ઈકો ગ્રીન પ્રા.લી. ફેક્ટરી દ્વારા બાજુમાં આવેલ ખેડૂતોના પાકને નુકસાની સામે નુકસાનીનું વળતર મેળવવા ખેડૂત દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ ગ્રાહક હિત મંડળમાં ફરિયાદ કરતાં આખરે તંત્રએ આળસ ખંખેરી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ પાસે આવેલ ડજારો-ઈકો ગ્રીન પ્રા.લી. ફેક્ટરી કે જે સફેદ પાવડર ચૂનો રાખ અને કેમિકલ જેવા પદાર્થો દ્વારા બાજુમાં આવેલ ખેતીલાયક જમીનમાં ખેડૂતોએ વાવેલ શાકભાજી, ભીંડા, ફ્લાવર પાકોને સંપૂર્ણપણે નુકસાન થતાં ખેડૂતો દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ ગ્રાહક હિત મંડળમાં વળતર મેળવવા રજુઆતો કરતાં અને પ્રદૂષણ નિયંત્રણતંત્રને પણ રજુઆત કરતા આખરે આંખ આડા કાન કરીને બેઠેલ તંત્રએ પાપા પગલી ભરતાં ડજારો ફેક્ટરીમાંથી સેમ્પલ લીધા હતા અને સેમ્પલ ગાંધીનગર લેબોરેટરી ખાતે મોકલી આપેલ હતા. હવે જોવાનું એ રહ્યું કે આમા ખેડૂતોને કેટલો ફાયદો થશે અને ખરેખર સેમ્પલની યોગ્ય તપાસ થશે કેમ એ પણ જોવાનું રહ્યું. અને ખેડૂતોને થયેલ પાકની નુકસાનીનું વળતર મળશે કે કેમ એ હવે જોવાનું રહ્યું.

## સલાલમાંથી સાત જુગારીઓ ઝડપાયા

પ્રાંતિજના સલાલ ખાતે જાહેરમાં જુગાર રમતા સાત જેટલા જુગારીઓ પત્તા પાના વડે જુગાર રમતા ઝડપાયા હતા. જ્યારે તેમની પાસેથી બે બાઈક સહિત કુલ ૪૭૦૦૦નો મુદ્દામાલ ઝડપી લઈ પ્રાંતિજ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં જુગાર રમતા ઝડપાયેલા ઈશમોમાં કનુસિંહ અમરસિંહ ચૌહાણ, કાળુજી જવાનજી ખાંટ, મનસુખ મારવાડી, રાજુભાઈ લક્ષ્મણભાઈ પરમાર, ચંદુજી મંગાજી પરમાર, ચકકો ઉર્ફે તખતસિંહ રાઠોડ બધા રહે. સલાલ જ્યારે જગતસિંહ રાઠોડ તે રહે. સોનાસણ બધાને પોલીસે પકડી પાયા હતા.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD | Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧